પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૪૭ • કુલ પાના : ૪ • તારીખ : ૧૪-૧૦-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

હિજાબ પ્રતિબંધ પર ચુકાદો!

ડિવિઝન બેંચના બન્ને જજના મત અલગ, હવે સુપ્રીમ કોર્ટની મોટી બેંચ અંતિમ નિર્ણય કરશે

જસ્ટિસ ગુપ્તાએ પ્રતિબંધનો વિરોધ કરતી અરજીને ફગાવી દીધી.

બીજી તરફ જસ્ટિસ સુધાંશુ ધુલિયાનો નિર્ણય હિજાબ પર પ્રતિબંધના પક્ષમાં છે.

નવીદિલ્હી,

શૈક્ષણિક સંસ્થાઓમાં હિજાબ પર પ્રતિબંધ મૂકવાના કર્ણાટક હાઈકોર્ટના નિર્ણય પર સુપ્રીમ કોર્ટ આજે ચુકાદો આપ્યો છે. જસ્ટિસ હેમંત ગુપ્તા અને સુધાંશુ ધુલિયાની ડિવિઝન બેંચ ૧૩ ઓક્ટોબરે આ મામલે આજે પોતાનો ચુકાદો જાહેર કર્યો. શિક્ષણ સંસ્થાનોમાં હિજાબ પર પ્રતિબંધના મામલે સુપ્રીમ કોર્ટમાં આજે ચુકાદો આપવામાં આવ્યો. હિજાબ કેસમાં સુપ્રીમ કોર્ટના બન્ને જજોનો મત અલગ અલગ છે. સંવિધાનિક પીઠને મોકલવામાં આવી શકે છે. જસ્ટિસ ગુપ્તાએ પ્રતિબંધનો વિરોધ કરતી અરજીને ફગાવી દીધી. બીજી તરફ જસ્ટિસ સુધાંશુ ધુલિયાનો નિર્ણય હિજાબ પર પ્રતિબંધના પક્ષમાં છે. બન્ને જજોનો નિર્ણય એકબીજાથી સાવ અલગ અલગ છે.

હિજાબ પર પ્રતિબંધનો મામલો સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સમક્ષ સોંપી દેવાયો છે. જે અંતર્ગત હવે આ મામલો સુપ્રીમ કોર્ટની મોટી બેંચ સમક્ષ સોંપી દેવામાં આવ્યો છે. હવે ત્રણ જજોની બેંચ હિજાબ કેસ અંગે નિર્ણય આપશે. બે જજોની બેંચ વચ્ચે આ મામલે મતમતાંતર સામે આવતા હવે સુપ્રીમ કોર્ટની મોટી બેંચને આ મામલો ટ્રાન્સફર કરી દેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છેકે, આ પહેલા સુપ્રીમ કોર્ટે હિજાબ કેસમાં કર્ણાટક હાઈકોર્ટના નિર્ણયને પડકારતી વિવિધ અરજીઓ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ કેસમાં ૨૧ વકીલો વચ્ચે દસ દિવસ સુધી દલીલો ચાલી હતી. શિક્ષણ સંસ્થાનોમાં હિજાબ યથાવત રહેશે કે નહીં. તે મુદ્દે ભારે ઓહાપોહ મચ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં આજે આ

મામલે મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો. જેમાં બે જજોની બેંચ વચ્ચે મતમતાંતર જોવા મળ્યું. કર્ણાટક હાઈકોર્ટમાં આજ વર્ષે ૧૫ માર્ચના રોજ ઉડુપ્પીના સરકારી પ્રી યૂનિવર્સિટી ગર્લ કોલેજની મુસ્લિમ વિદ્યાર્થિનીઓની એ અરજીને ફગાવી દેવાઈ હતી, જેમાં વર્ગ ખંડ એટલેકે, ક્લાસમાં હિજાબ પહેરવાની મંજૂરી માંગવામાં આવી હતી.

જસ્ટિસ સુધાંશુ ધૂલિયાએ કર્ણાટક હિજાબ પ્રતિબંધ કેસની સુનાવણી બાદ પોતાની ટિપ્પણીમાં કહ્યુ કે મે કર્ણાટક સરકારના ૫ ફેબ્રુઆરીના આદેશને બાજુ પર રાખ્યો છે. પ્રતિબંધ હટાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. મારા મનમાં સૌથી મોટો પ્રશ્ન છોકરીઓના શિક્ષણનો હતો. તેમણે પૂછ્યુ શું આપણે બાળકીઓનુ જીવન સારુ બનાવી રહ્યા છીએ? જસ્ટિસ સુધાંશુ ધૂલિયા હિજાબ કે કોઈપણ આઉટફિટ એ પસંદગીનો વિષય છે. એનાથી વધુ કે ઓછુ કંઈ નહિ મારા નિર્ણયમાં મુખ્ય ભાર એ છે કે ધાર્મિક પ્રથાનો સંપૂર્ણ ખ્યાલ વિવાદ માટે જરૂરી ન હતો. તેમણે કહ્યુ કે કર્ણાટક હાઈકોર્ટે હિજાબ વિવાદમાં ખોટો રસ્તો અપનાવ્યો. જસ્ટિસ ધુલિયાએ કહ્યુ કે વિસ્તારોમાં છોકરી શાળાએ જતા પહેલા ઘરના કામકાજ કરે છે. તેમણે કહ્યુ, શું આપણે આ કરીને તેમનુ જીવન સારુ બનાવીએ છીએ? જસ્ટિસ ધૂલિયાએ કહ્યુ મે સન્માનપૂર્વક મારો મતભેદ દાખલ કર્યો છે. આ માત્ર કલમ ૧૯ અને ૨૫ સંબંધિત બાબત છે.

હિજાબ વિવાદ પર પોતાના ચૂકાદામાં જસ્ટિસ હેમંત ગુપ્તાએ પૂછ્યુ કે શું કોઈ વિદ્યાર્થી પોતાના મૂળભૂત અધિકારનો ઉપયોગ કરી શકે છે? શું ઈસ્લામ હેઠળ જરુરી ધાર્મિક અભ્યાસનો એક હિસ્સો શાળાના ડ્રેસ સાથે પહેરવામાં આવી રહ્યો છે? શું સરકારી આદેશ શિક્ષણ સુધી પહોંચવાના હેતુને પૂર્ણ કરે છે? આ પ્રશ્નોના જવાબમાં જસ્ટિસ ગુપ્તાએ કહ્યું કે, મારા મતે જવાબ અપીલકર્તાની વિરુદ્ધ છે. હું અપીલ ફગાવી દઉ છુ. પીઠમાં મતભેદ છે. મે મારા આદેશમાં ૧૧ પ્રશ્નો તૈયાર કર્યા છે. પહેલો એ છે કે શું અપીલને બંધારણીય બેંચ પાસે મોકલવી જોઈએ? શું કોલેજ મેનેજમેન્ટ વિદ્યાર્થીઓના ડ્રેસ અંગે નિર્ણય લઈ શકે છે? શું હિજાબ પહેરવો અને તેના પર પ્રતિબંધ મૂકવો એ કલમ ૨૫નુ ઉલ્લંઘન છે? શું કલમ ૧૯ અને કલમ ૨૫ હેઠળના અધિકારો પરસ્પર અનન્ય છે? શું સરકારી આદેશ મૂળભૂત અધિકારનુ ઉલ્લંઘન કરે છે?

આપને જણાવી દઈએ કે હિજાબ પ્રતિબંધ પર સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ કર્ણાટકમાં હિજાબ પર કર્ણાટક હાઈકોર્ટનો નિર્ણય અમલમાં રહેશે અને રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં લાદવામાં આવેલ હિજાબ પ્રતિબંધ આગામી આદેશ સુધી ચાલુ રહેશે. કર્ણાટકમાં હિજાબનો દોર આ વર્ષે જાન્યુઆરીમાં ઉડુપીની એક સરકારી કોલેજમાં શરૂ થયો હતો, જ્યાં મુસ્લિમ છોકરીઓને હિજાબ પહેરવાથી રોકવામા આવી હતી. મેનેજમેન્ટે તેને યુનિફોર્મ કોડની વિરુદ્ધ ગણાવ્યું હતું. આ પછી આ વિવાદ કર્ણાટકના અન્ય શહેરોમાં પણ ફેલાઈ ગયો. આ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો અને કર્ણાટક હાઈકોર્ટે વિદ્યાર્થીનીઓ વતી ક્લાસમાં હિજાબ પહેરવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી.

ગુજરાત આપના અધ્યક્ષ ગોપાલ ઈટાલિયાની દિલ્હી પોલીસે ધરપકડ કરી

નવીદિલ્હી,

દિલ્હી પોલીસ દ્વારા આપના ગુજરાત પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાની અટકાયત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદી અંગે વાંધાજનક ટિપ્પણી મામલે રાષ્ટ્રીય મહિલા આયોગે ઈટાલિયાને આજે બપોરે ૧૨:૩૦ વાગ્યે સુનાવણી માટે બોલાવ્યા હતા. ત્યારે દિલ્હીમાં તેમની અટકાયત કરવામાં આવી છે. રાજ્ય સભાના સાંસદ અને ગુજરાત પ્રભારી રાઘવ ચઢ્ઢાએ પણ કહ્યું છે કે, ગોપાલ ઈટાલિયાની ખોટી રીતે અટકાયત કરવામાં આવી છે. ગુજરાત આપના અધ્યક્ષ ગોપાલ ઈટાલિયા રાષ્ટ્રીય મહિલા આયોગની ઓફિસ પહોંચ્યા હતા. પીએમ મોદી સામે અપમાનજક ટિપ્પણીના વાયરલ વીડિયો અંગે જવાબ રજૂ કરવાના હતા. મહિલા આયોગે જવાબ રજૂ કરવા માટે નોટિસ આપી

હતી. પરંતુ તે પહેલા જ તેમની અટકાયત કરવામાં આવી હતી. મહિલા આયોગ દ્વારા ઈટાલિયાને સમન્સ પાઠવવામાં આવ્યું હતું. વાયરલ વીડિયો મામલે ગોપાલ ઈટાલિયાને સમન પાઠવાયું હતું. મહિલાઓને સંબોધીને ઈટાલિયાનો જૂનો વીડિયો વાયરલ થયો હતો. ધરપકડ પહેલા ગોપાલ ઈટાલિયાએ ટ્વીટ કરી હતી કે, મહિલા આયોગના ચીફ મને જેલમાં નાંખવાની ધમકી આપી રહ્યાં છે. મોદી સરકાર પટેલ સમાજને જેલ સિવાય બીજુ શું આપી શકે છે. બીજેપીને પાટીદાર સમાજથી નફરત છે. હું સરદાર પટેલનો વંશજ છું. તમારી જેલથી નથી ડરતો. નાંખી દો મને જેલમાં. તેઓએ પોલીસ બોલાવી છે, મને ધમકાવી રહ્યાં છે. તો આ ટ્વીટ પર જવાબ આપતા અરવિંદ કેજરીવાલે લખ્યું કે, આખુ બીજેપી ગોપાલ ઈટાલિયાની પાછળ કેમ પડ્યું છે. ગોપાલ ઈટાલિયાનો વધુ એક જૂનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેમાં ગોપાલ ઈટાલિયા મંદિરો અને મહિલાઓના સંદર્ભમાં વિવાદિત ટિપ્પણી કરતા નજરે પડે છે. આ વીડિયોમાં ગોપાલ ઈટાલિયા એવું કહેતા નજરે પડે છે કે, મંદિરોમાં મહિલાઓનું શોષણ થાય છે. કથામાં જવાથી મંદિરોમાં થવાથી કંઈ મળવાનું નથી. ગોપાલ ઈટાલિયાનો મહિલાઓને સંબોધન કરતો આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

ભારતમાં નિર્મિત પેરાસીટામોલ સહિત ૪૫ દવાઓના સેમ્પલ નિષ્ફળ : તપાસના આદેશ

નવીદિલ્હી,

ભારતીય કંપનીના કફ-સિરપ પીવાના કારણે આફ્રિકન દેશ ગામંબીયામાં ૬૬ બાળકોના મૃત્યુ થયા હોવાના અહેવાલ બાદ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝશન દ્વારા એક તરફ હરિયાણા અને હિમાચલમાં આ પ્રકારના કફ સિરપ બનાવતી કંપનીઓ પર દરોડા પાડીને તેમના ઉત્પાદનની તપાસ શરુ કરી છે.

તો બીજી તરફ દેશમાં ૪૫ જેટલી દવાઓના સેમ્પલ ગુણવતાની દ્રષ્ટિએ નિષ્ફળ ગયા હોવાનો ધડાકો થયો છે અને તેમાં સૌથી વધુ વપરાતી પેરાસીટામોલનો પણ સમાવેશ થાય છે. 'ધ ટ્રીબ્યુન' અખબારના રિપોર્ટ મુજબ આ વર્ષે મે માસમાં આસિ. ડ્રગ્સ કંટ્રોલ એન્ડ લાયસન્સીંગ ઓથોરિટી નવી દિલ્હીએ ગ્લેનમાર્ક ફાર્માસ્યુટીકલ લીમીટેડની સામે તપાસ શરુ કરી હતી.

જેમાં બ્લડપ્રેસર માટે ઉપયોગમાં લેવાતી **Telmisartan**ને શંકાસ્પદ ગણાવાઈ હતી અને આ કંપનીના **Ofloxacin Ormdazoe** એન્ટી બાયોટીકના સેમ્પલ પણ નિષ્ફળ ગયા હતા. ચંદીગઢ સ્થિત દવાની કંપની એન્ટી બાયોટીક બેકટેરીયલ એન્ડો ટોક્સીન્સ અને સ્ટરીલીટીમાં પાસ થયાની હાલમાં જ હિમાચલ પ્રદેશમાં કાલા એમબીએની નિકસી લેબોરેટરી પણ તપાસના દાયરામાં છે.

તેની એક દવા **Anaesthesia Propofla** ની ગુણવત્તાની તપાસ પણ નેગેટીવ આવી હતી. પાંચ લોકોના મૃત્યુ બાદ આ દવા સામે તપાસ શરુ થઈ હતી અને આ દર્દીઓને સર્જરી પહેલા બેહોશી માટે આ દવા આપવામાં આવી હતી. આવી જ રીતે એએનજી લાઈફ સાયન્સ ઉપરાંત એલ્કો ફોમ્યુલેશન, ટીએનજી મેડીકેરના પેરાસીટામોલના સેમ્પલ પણ ફેઈલ ગયા હતા. અને આ યાદીમાં કુલ ૪૫ દવાઓના સેમ્પલ નિષ્ફળ હવે તેની સામે કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

ગરીબ કલ્યાણ મેળાના

૧૩મા તબક્કાનો શુભારંભ

તા. ૧૪ અને ૧૫ ઓક્ટોબર-૨૦૨૨

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

મુખ્યમંત્રી શ્રી **ભૂપેન્દ્રભાઈ પટેલ**ની પ્રેરક ઉપસ્થિતિમાં

તા.૧૪ના રોજ પંચમહાલ – ગોધરા અને તા. ૧૫ના રોજ ગીર સોમનાથ ખાતે

અંતરિયાળ વિસ્તારના લોકો સુધી જનહિતલક્ષી યોજનાઓનો સીધો લાભ પહોંચાડવાનો રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર

- ૨૦૦૯માં શરૂ થયેલા ગરીબ કલ્યાણ મેળાના અત્યાર સુધીમાં યોજાયા **૧૨ તબક્કા**
- તબક્કાવાર યોજાયેલ **કુલ ૧૫૬૯ મેળાઓ**માં **૧.૬૫ કરોડ**થી વધુ લાભાર્થીઓને **રૂ.૩૪ હજાર કરોડ**થી વધુની મળી સહાય
- સ્વરોજગાર માટેની જુદી જુદી ટૂલકિટ/સાધનોની સહાય
- અનુસૂચિત જાતિના **૧૬ લાખ**થી વધુ લાભાર્થીઓને, અનુસૂચિત જનજાતિના **૩૮ લાખ**થી વધુ તેમજ **૭૫ લાખ**થી વધુ મહિલા લાભાર્થીઓને મળી સહાય
- વચેટિયાઓનું વર્ચસ્વ નાબૂદ કરી ગરીબોને પૂરેપૂરો લાભ આપવાનું આયોજન
- રાજ્ય સરકારની તમામ યોજનાઓના લાભાર્થીઓને એક જ સ્થળે લાભ અપાશે
- છેવાડાના માનવીને આર્થિક રીતે પગભર કરવા માટે તેના જ ઘરઆંગણે સહાય

૩૩ જિલ્લા • ૮ મહાનગરપાલિકા • ૩૭ ગરીબ કલ્યાણ મેળા

"ગુજરાત સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓનો લાભ એક-એક ગરીબ સુધી પહોંચે અને તેમના જીવનમાં સુખાકારી, પરિવર્તન આવે તે જ નિર્ધાર"

- **શ્રી બ્રિજેશભાઈ મેરજા**, મંત્રી, પંચાયત વિભાગ, ગુજરાત સરકાર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

ઐતિહાસિક શૈક્ષણિક વારસો ધરાવતી લૂણાવાડાની કન્યાશાળાના ૧૫૫માં સ્થાપના દિવસની મહાનુભાવોના હસ્તે કેક કાપી ઉજવણી કરાઇ

મહિસાગર, સમગ્ર રાજયમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શાળાઓના જન્મદિવસ ઉજવવાની પ્રેરક શરૂઆત થઈ છે. ત્યારે ઐતિહાસિક શૈક્ષણિક વારસો ધરાવતી લૂણાવાડાની કન્યાશાળાનો ૧૫૫મો સ્થાપના દિવસની મહાનુભાવોના હસ્તે કેક કાપીને ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકના અધ્યક્ષસ્થાને આયોજીત કાર્યક્રમમાં રાજવી પરિવારના પુષ્પેન્દ્રસિંહજી અને પૂર્વ ધારાસભ્ય હીરાભાઈ પટેલ સહિત મહાનુભાવોની વિશેષ ઉપસ્થતિમાં શાળાના આધુનિક નવીન મકાનનું લોકાર્પણ કરાયું.

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

રજવાડા સમયે મહિલાઓના શિક્ષણ માટે પહેલ કરનાર મહારાજા વખતસિંહજી તેમજ રાજવી પરિવારના મહત્વપૂર્ણ પ્રદાન બદલ ઋણ સ્વીકાર કરવામાં આવ્યો. શાળામાં બાળકોની અભ્યાસ સુવિધામાં વધારો કરનાર દાતાઓના યોગદાનને બિરદાવવામાં આવ્યુ હતું. દીપ પ્રાગટ્ય, પ્રાર્થના, સ્વાગત ગીતથી શુભારંભ થયેલ કાર્યક્રમમાં શાળા પરિવારે આ ગૌરવશાળી પ્રસંગે ઉમળકાભેર મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. પ્રાસંગિક ઉદબોધનમાં શાળા સ્થાપના સાથે જોડાયેલ મહત્વના ઐતિહાસિક પ્રસંગો રાજવી પરિવારનું યોગદાન અને મહાનુભાવોના સંસ્મરણો યાદ કરવામાં આવ્યા. બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

અત્રે નોંધનીય છે કે, આ શાળાની સ્થાપના તા.૧૩-૧૦-૧૮૬૭ના રોજ લેડી રે ગર્લ્સ સ્કૂલના નામથી શરૂ થઈ આઝાદી બાદ ૧૯૬૫માં કન્યાશાળા નામથી અવિરત ૧૫૫ વર્ષથી સરસ્વતી ઉપાસના કરતી રહી છે. સદ્ગુણી હેમંતકુમારી લઘુનવલકથા, વાર્તા પ્રથમ મહિલા વાર્તાકાર તરીકે કૃષ્ણગૌરી રાવળ તેમજ ઈ.સ. ૧૯૧૨થી ૧૯૧૫માં આ જ શાળામાં હેડ મિસ્ટ્રેસ રહી ચૂકેલા પ્રસન્નબેન દલસુખરામ રાવળ અને ગુલાબબેન જેવા આદર્શ શિક્ષક આ શાળામાં આજે પણ તસ્વીરરૂપે હાજર રહી સતત પ્રેરણારૂપ બનતા રહ્યા છે. છેલ્લા દસ વર્ષમાં શાળાએ ઝડપથી વિકાસ સાધતાં સંખ્યા વધારાની સાથે પ્રજ્ઞાવર્ગ, પ્રવૃત્તિલક્ષી, શૈક્ષણિક સાધનોથી સુવ્યવસ્થિત છે. શાળામાં યુવા અનસ્ટોપેબલ ટ્રસ્ટ દ્વારા પ્રોજેક્ટર રૂમ તથા દાતાઓ તરફથી ત્રીજા માળે એક શેડ બનાવેલ છે. તે શેડમાં પુસ્તકાલય અને પ્રયોગશાળા આવેલ છે. ધોરણવાર-વિષયવાર પૂરતા શિક્ષકો ધરાવતી આ શાળામાં તમામ વર્ગખંડો જરૂરી સામગ્રી ફેનલ બોર્ડ, વાઈટ બોર્ડ, ગ્રીનબોર્ડ તેમજ ટીએલએમથી સજ્જ છે. રાજવી પરિવાર, નગરપાલિકા, દાતાઓ તેમજ આ શાળાના ભૂતપૂર્વ આચાર્યો, શિક્ષકો હાલના આ પરિશ્રમી તેમજ નિર્ણાયક આચાર્ય મહેશભાઈ પટેલ તેમજ શિક્ષકો શાળા પરિવારના સંનિષ્ઠ પ્રયાસોથી શૈક્ષણિક વિકાસનું વટવૃક્ષ બની છે.

આ કાર્યક્રમમાં લુણાવાડા નગરપાલિકા પ્રમુખ ભાવનાબેન મહેતા, શિક્ષણ સમિતિના ચેરમેન બાબુભાઈ પટેલ, ડાયટ પ્રાચાર્ય ડો.એ.વી. પટેલ, તાલુકા શિક્ષક સંઘ પ્રમુખ બીપીનભાઈ પટેલ, એસએમસી સભ્ય તરલિકાબેન શુકલ, અગ્રણી હિમાંશુભાઈ શાહ, શિક્ષકો,નગરજનો, બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

લુણાવાડા ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડોંડોરના અધ્યક્ષપદે ગરીબ કલ્યાણ મેળો યોજાશે

મહિસાગર, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડોંડોરના અધ્યક્ષપદે તા.૧૪ મી ઓકટોબર,૨૦૨૨ ને શુક્રવારના રોજ સવારે ૧૦=૦૦ કલાકે લુણાવાડાના પી.એન.પંડ્યા સાયન્સ એન્ડ આર્ટસ કોલેજ ગ્રાઉન્ડ ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાનાર છે. જેમાં સાસંદ,જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્યની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે.

બાલાસિનોરના રૈયોલી ડાયનોસોર પાર્કના બોર્ડમાંથી રૈયોલી નામ કાઢી નાંખતા લોકોમાં કચવાટ

બાલાસિનોર, બાલાસિનોર તાલુકાના રૈયોલી ખાતે ભારત દેશનો પ્રથમ અને વિશ્વનો ત્રીજા નંબરનો ડાયનોસોર ફોસીલ પાર્ક આવેલો છે. જેના પગલે બાલાસિનોર તાલુકાનુ રૈયોલી ગામ વિશ્વ ફલકે અંકિત થયુ છે. અમદાવાદ તરફથી બાલાસિનોરમાં પ્રવેશ કરતા હાઈવે પર ગજરાત ટુરીઝમ દ્વારા ડાયનોસોર પાર્ક અને મ્યુઝીયમને લાગતા ડાયનોસોરના ફોટા સાથે વેલકમ ટુ બાલાસિનોર લખવામાં આવ્યુ છે. બોર્ડમાં રૈયોલી ગામનો ઉલ્લેખ ન કરાતા સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બન્યો હતો. તેમજ ગ્રામજનો દ્વારા બોર્ડમાં રૈયોલી ગામનુ નામ ઉમેરવાની માંગ ધારાસભ્યને કરવામાં આવી હતી.

ગરબાડા તાલુકાના પાટીયા ગામે ૬૦ વર્ષીય વૃધ્ધય ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

ગરબાડા, દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગરબાડા તાલુકાના પાટીયા ગામે મહુડીના ઝાડ નીચે ૬૦ વર્ષીય આધેડ દ્વારા અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતાં પંથકમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી હતી.

ગરબાડા તાલુકાના પાટીયા ગામે સવારના સમયે દાદુર ગામના પરમાર ફળિયામાં રહેતા ૬૦ વર્ષીય માનસિંગભાઈ દિતાભાઈ પરમારની પાટિયા ગામે આવેલ ખેતરમાં મહુડીના ઝાડ નીચે લટકેલી હાલતમાં લાશ મળી આવી હતી. માનસિંહભાઈ સવારના ૫ વાગ્યાના સમયે ઘરે ના મળતા પરિવારજનો દ્વારા તેમના પાટીયા ગામના ખેતર તપાસ કરતા માનસિંગ ભાઈ ખેતરમાં મહુડીના ઝાડ નીચે ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. ત્યારબાદ ગરબાડા પોલીસને આ બાબતને જાણ કરાતા ગરબાડા પોલીસ ઘટના સ્થળે પહોંચી લાશનો કબજો મેળવી અને પોસ્ટમ અર્થે નવા ફળિયા સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવી હતી. જોકે, માનસિંગભાઈ દ્વારા શા માટે આ રીતનું પગલું ભરવામાં આવ્યું છે. તે બાબત તપાસનો વિષય બની છે. ગરબાડા પોલીસ દ્વારા ઘટના સંદર્ભે અકસ્માતે મોતના કાગળો કરી વધુ તપાસ હાથ ધરી હતી.

તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

દે.બારીઆ નગર સહિત તાલુકામાં આદિવાસીઓની જમીન બિલ્ડરો દ્વારા નામે કરાવી લેવાના કિસ્સામાં ચકચાર

દાહોદ, દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકા સહિત નગરમાં હાલ આદિવાસીઓની જમીનમાં નામચીન બિલ્ડરો દ્વારા આદિવાસીઓના ખોટા પુરાવાઓ ઉભા કરી આદિવાસીઓની મિલકતો નામે કરાવી લેતાં હોવાની ચર્ચાઓ ભારે જોર પકડ્યું છે. ત્યારે બીજી તરફ મુળ આદિવાસીઓ દ્વારા પણ પોતે આદિવાસી હોવાના છતાંય પોતાના અન્ય જાતિના દાખલા કરાવી અન્યોને મિલકતો પધરાવી દેવાના કિસ્સાઓ ચર્ચામાં આવ્યાં છે. ત્યારે સમગ્ર મામલે એક જાગૃત નાગરીક દ્વારા ઉચ્ચસ્તરીય રજુઆત પણ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આદિવાસીઓના નામની મિલ્કત અન્ય જાતિના નામે કરાવવા માટે ઉચ્ચસ્તરીય કાર્યવાહી કરવી પડે છે. આદિવાસી વ્યક્તિ કોઈ અન્ય મિલક્ત ખરીદે તો તેમાં સરકારી ચોંપડે ડબલ તોતર લાગી જતી હોય છેઅને તે મિલક્ત ફરી વેચવાની થાય અને તે પણ અન્ય જાતિને વેચવાની થાય ત્યારે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની પુર્વ મંજુરી મેળવી પડતી હોય છે. ત્યારે દેવગઢ બારીઆના ક્રેટલાંક નામાંકીત બિલ્ડરો દ્વારા આદિવાસીઓની જમીન, મિલક્તોમાં ખોટા પુરાવાઓ ઉભા કરવામાં આવી રહ્યાં છે અને આદિવાસીઓની મિલક્ત નામે કરાવી લેવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. જિલ્લાના અધિકારીઓની પુર્વ મંજુરી લીધાં વગર બિલ્ડરો દ્વારા આદિવાસીઓની મિલક્ત નામે કરાવી લેવાનું કૌભાંડ દેવગઢ બારીઆ તાલુકામાં ચાલી રહ્યું છે. દેવગઢ બારીઆ તાલુકામાં એક આદિવાસી દ્વારા પોતાની મિલક્ત અન્ય જાતિને વેચવા માટે મુળ આદિવાસી દ્વારા પોતાના જાતિના દાખલામાં આદિવાસીથી પરે હટી અન્ય જાતિનો ઉલ્લેખ કરી પોતાની જમીન બિલ્ડરને વેચી મારવામાં આવી છે અને પોતે મુળ આદિવાસી નથી તેવા પુરાવાઓ પણ રજુ કરવામાં આવ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છેકે, દેવગઢ બારીઆ તાલુકામાં એક મુળ આદિવાસી દ્વારા પોતે આદિવાસી નથી તેવો જાતિનો દાખલ કઢાવી બિલ્ડરને પોતાની જમીન આપી દીધી હોવાનુંસામે આવ્યુંછેત્યારે આવા આદિવાસીઓ સામે તેમજ મિલક્તો પડાવી લેતાં બિલ્ડરો સામે તંત્ર દ્વારા સખ્ત કાર્યવાહી કરશે કે પછી જૈસે થૈ વૈસેની પરિસ્થિતી સર્જાશે ? આ મામલે એક જાગૃત નાગરિક દ્વારા દાહોદ જિલ્લાની ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ત્યારે આગામી દિવસોમાં આવા બિલ્ડરો સામે અને ખોટા આદિવાસીના પુરાવાઓ રજુ કરનાર વ્યક્તિઓ સામે તંત્ર કાર્યવાહી કરશે કે નહીં તે જોવાનું રહ્યું.

સરકાર 4G ફોન બંધ કરશે ?

કંપનીઓએ તબક્કાવાર ૩.૧૦,૦૦૦ થી વધુ કિંમતના સ્માર્ટફોનનું ઉત્પાદન ધીમે ધીમે બંધ કરવું જોઈએ

નવીદિલ્હી, મોદી સરકાર અને ટેલિકોમ કંપનીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પજી નેટવર્ક અને પજી સ્માર્ટફોનને લઈને કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા છે. આમાં, પજી સ્માર્ટફોનમાં પય સપોર્ટ સોફ્ટવેર અપડેટ્સ શક્ય તેટલી વહેલી તકે આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ સાથે પજી સ્માર્ટફોનની ઉપલબ્ધતા વધારવાનું કહેવામાં આવ્યું હતું. સરકારે સૂચન કર્યું કે સ્માર્ટફોન કંપનીઓએ ૧૦,૦૦૦ રૂપિયાથી વધુ કિંમતના તમામ સ્માર્ટફોન પર પજી કનેક્ટિવિટી ઑફર કરવી જોઈએ. આ પછી તે સ્પષ્ટ થઈ ગયું છે કે ટૂંક સમયમાં સ્માર્ટફોન કંપનીઓ ભારતમાં ૧૦,૦૦૦ થી વધુ કિંમતના ૪ય સ્માર્ટફોનનું ઉત્પાદન બંધ કરશે. આવી સ્થિતિમાં, ૧૦,૦૦૦ રૂપિયાથી ઓછી કિંમતના માર્કેટમાં વેચાતા તમામ સ્માર્ટફોન 5G હશે.

સ્માર્ટફોન કંપનીઓએ પહેલાથી જ જાહેરાત કરી છે કે તેમની તરફથી ૧૨,૦૦૦ રૂપિયાથી વધુ કિંમતના તમામ સ્માર્ટફોનમાં 5G કનેક્ટિવિટી આપવામાં આવશે.

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સએ મીટિંગમાં સૂચન કર્યું હતું કે સ્માર્ટફોન કંપનીઓએ તબક્કાવાર રૂ. ૧૦,૦૦૦ થી વધુ કિંમતના સ્માર્ટફોનનું ઉત્પાદન ધીમે ધીમે બંધ કરવું જોઈએ અને તેના બદલે પજી સ્માર્ટફોન લોન્ચ કરવા જોઈએ. જેના કારણે યુઝર્સ માટે ૪જી થી પજી સ્માર્ટફોનમાં શિફ્ટ થવું સરળ બનશે.મિડ-રેન્જમાં ગ્રાહકોને પજી કનેક્ટિવિટીવાળા સ્માર્ટફોન ઓફર કરવામાં આવશે. જ્યાં અત્યાર સુધી કંપનીઓ પજી સપોર્ટમાં કાપ મૂકીને ૪જી એફોર્ડેબલ સ્માર્ટફોન ઓફર કરતી હતી. આવી સ્થિતિમાં સ્માર્ટફોનની કિંમતમાં વધારો થવાની સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે સ્માર્ટફોન કંપનીઓએ પહેલાથી જ જાહેરાત કરી છે કે તેમની તરફથી ૧૨,૦૦૦ રૂપિયાથી વધુ કિંમતના તમામ સ્માર્ટફોનમાં પજી કનેક્ટિવિટી આપવામાં આવશે.બજેટ સ્માર્ટફોન કેટેગરીમાં કંપનીઓ માટે થોડી મુશ્કેલી આવી શકે છે, કારણ કે તેમને ૪જી થી પજી પર જવા માટે વધુ રોકાણ અને હાર્ડવેર સપોર્ટની જરૂર પડશે. આ જ કેટલીક સ્માર્ટફોન કંપનીઓ ૧૦,૦૦૦ રૂપિયાથી વધુની કિંમતના માર્કેટમાં ૪જી સ્માર્ટફોનના માર્કેટમાં સારો બિઝનેસ કરી રહી છે. આવી કંપનીઓ માટે પણ થોડી મુશ્કેલી આવી શકે છે.

દાહોદ જિલ્લામાં આગામી ૧૬ ઓક્ટોબરે લેવાનારી GPSCની પરીક્ષા અંગે કલેકટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ

દાહોદ, દાહોદ જિલ્લામાં આગામી ૧૬મી ઓક્ટોબરે ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ ની પરીક્ષા દાહોદ જિલ્લાના દાહોદ ઝોન પરથી તા.૧૬ ઓકટોબર ૨૦૨૨ રવિવારે ૩૬ બિલ્ડીંગ ખાતે લેવાનાર છે. જેમાં ૧૦૦૪ ઉમેદવારો પરીક્ષા આપનાર છે. પરીક્ષાનો સમયગાળો સવારે ૧૧:૦૦ કલાકથી બપોરે ૧:૦૦ કલાક સુધીનો રહેશે. પરીક્ષાર્થીઓ પરીક્ષા સમયે કોઈ અડચણો ના અવરોધે તે માટે તથા શાંતિના માહોલમાં પરીક્ષા આપી શકે તે માટે તાજેતરમાં જિલ્લા કો-ઓર્ડીનેટર અને કલેકટર હર્ષિત ગોસાવી અધ્યક્ષતામાં સભાખંડ ખાતે પરીક્ષાલક્ષી બેઠક યોજવામાં આવી હતી. જેમાં તમામ આનુસંગિક બાબતો આવરી લેવાઈ હતી. કલેકટર દ્વારા પરીક્ષાલક્ષી સુચારૂ આયોજન કરી પરીક્ષાની તમામ કામગીરી તટસ્થ રીતે કરવાની સંબંધિત તમામ અધિકારીઓ/કર્મચારીઓને સૂચના આપી હતી.

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

તમામ પેટા પરીક્ષા કેન્દ્રો પર ભૌતિક સગવડો જેવી કે ફરજિયાત સી.સી.ટી.વી. કેમેરાની સગવડ, બ્લોકની વ્યવસ્થા, કંપાઉન્ડ, લાઇટ, પંખા, પીવાના પાણીની સુવિધા, મેડિકલ ટીમ ને મેડિકલ વાન સાથે ઉપલબ્ધ કરવી. આ પરીક્ષા સંદર્ભે કલેક્ટર કચેરીના સ્ટાફ, જિલ્લા તિજોરી કચેરીના સ્ટાફ (કન્ટ્રોલ રૂમ), જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીના સ્ટાફ, જિલ્લા શિક્ષણાધિકારીના સ્ટાફ અને પરીક્ષા સ્થળો પર સ્થળ સંચાલકઓ અને પરીક્ષા સ્થળનો તમામ સ્ટાફ,-ઝોનલ અધિકારીઓ, આયોગના પ્રતિનિધિઓ, તકેદારી સુપરવાઇઝરઓ તરીકે વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

પરીક્ષા સમય દર્મિયાન વિદ્યાર્થીઓ શાંતિપુર્ણ વાતાવરણમાં પરીક્ષા આપે શકે તે માટે પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઝેરોક્ષ મશીનો બંધ રાખવા, પરીક્ષાર્થીઓ પરીક્ષામાં કોઇપણ પ્રકારનું ઇલેક્ટ્રોનિક, ડિજિટલ કે સ્માર્ટ ઉપકરણો અને બિન અધિકૃત સાહિત્યનો ઉપયોગ ન કરવા માટે કલેકટર દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું લાગું કરાશે. પરીક્ષાલક્ષી તમામ સાહિત્ય લાવવા કે લઈ જવા માટે, સ્ટ્રોંગરૂમ/ઝોન કચેરી ખાતે, તેમજ પ્રત્યેક પરીક્ષા બિલ્ડીંગો પર સલામતી વ્યવસ્થા માટે જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જરૂરિયાત મુજબનો પોલીસ બંધોબસ્ત ગોઠવવામાં આવશે.

પરીક્ષાની કામગીરીમાં સંકળાયેલા તમામ અધિકારીઓ/કર્મચારીઓ અને પરીક્ષાર્થીઓ દ્વારા કોવિડ-૧૯ અંતર્ગત સરકારની અદ્યતન સૂચનાઓનું પાલન કરવામાં આવશે.પરીક્ષાર્થીએ પોતાનું પ્રવેશપત્ર અચૂક સાથે લાવવાનું રહેશે. તમામ પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના ૩૦ મીનિટ પહેલા પ્રવેશ મેળવી લેવાનો રહેશે.૧૧:૦૦ કલાક બાદ કોઇપણ ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે નહી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, પ્રાંત અધિકારી ઓ સહિત અધિકારીઓ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચારધામમાં અત્યાર સુધી કુલ ૪૨,૦૩,૫૮૮થી પણ વધુ શ્રધ્ધાળુ આવી ચુકયા છે

દહેરાદુન, કોરોનાકાળના બે વર્ષ બાદ શરૂ થયેલી ચારધામ યાત્રાએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.કોરોના વાયરસના કારણે છેલ્લા કેટલાક વર્ષ અલગ રહ્યાં હતાં યાત્રાઓથી લઈ કચેરી સુધીમાંઅલગ અલગ વાતાવરણ જોવા મળ્યું પરંતુ હવે જયારે આ વાયરસ ખુબ ઓછા થઈ ગયો છે ત્યારે સ્થિતિઓ પણ સામાન્ય થતી જોવા મળી રહી છે. આ વખતે બદરીનાથમાં ૧૫,૧૪,૭૧૪, કેદારનાથમાં ૧૪,૨૫,૦૭૫ યમુનોત્રીમાં ૪૭,૩,૩૯૫, ગંગોત્રીમાં ૬,૦૦,૧૪૦ અને બહેમકુંડ સાહબમાં ૧,૯૦,૨૬૪ શ્રધ્ધાળુ આવી ચુકયા છે હેમકુંડ સહિત ચારધામની યાત્રા પર અત્યાર સુધી કુલ ૪૨,૦૩,૫૮૮થી પણ વધુ શ્રધ્ધાળુઓ આવી ચુકયા છે જે પોતાના આપમાં એક રેકોર્ડ છે. ઉત્તરકાશીમાં યમુનોત્રી મંદિરના દરવાજા ખુલતા જ ત્રણ મેના રોજ ચારધામ યાત્રાની શરૂઆત થઈ આ દરમિયાનઉત્તરાખંડ સરકારે ચારધામ પર જનારા શ્રધ્ધાળુઓની સંખ્યા પણ સીમિત કરી દીધી હતી સરકારી નિર્દેશ અનુસાર પ્રતિદિન ફકત ૧૫,૦૦૦ શ્રધ્ધાળુ જ બાબા બદ્રીનાથના દર્શન કરવા જઈ શકતા હતાં કેદારનાથ ધામના દર્શન માટે શ્રધ્ધાળુઓની સંખ્યા ૧૨,૦૦૦ પ્રતિદિન નક્કી કરવામાં આવી હતી. એ યાદ રહે કે ગત બે વર્ષથી કોરોના મહામારીના કારણે ચારધામ યાત્રા બંધ હતી ૩ મે ૨૦૨૨થી ચારધામ યાત્રા શરૂ થયા બાદથી સામે આવેલ રિપોર્ટ અનુસાર ૧૭ મે સુધી લગભગ ૪૧ લોકોના મોત વિવિધ કારણોથી થયા છે.

એક સમયે હિમાચલ પ્રદેશમાં સરકારી ફાઈલો ભટકતી હતી, અટવાઈ જતી હતી, આજે ડબલ એન્જિનની સરકાર છે : મોદી

શિમલા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બલ્ક ડ્રગ પાર્કનું ઉદ્ઘાટન કર્યું અને હિમાચલ પ્રદેશના ઉના ખાતે ઉના-હમીરપુર રેલ્વે પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. આ દરમિયાન તેમણે કહ્યું કે, ધનતેરસ અને દિવાળી પહેલા હિમાચલને હજારો કરોડની ગિફ્ટ આપીને હું ખુશ છું. મેં અહીં એટલો સમય વિતાવ્યો છે કે જ્યારે પણ હું ઉના આવું છું ત્યારે મારી ભૂતકાળની યાદો સામે આવી જાય છે. મને ઘણી વખત મા ચિંતપૂર્ણી દેવી સમક્ષ માથું નમાવવાનો અને તેમના આશીર્વાદ મેળવવાનો લહાવો મળ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે વિકાસનું નામ ક્યાંય દેખાતું નથી, ચારેબાજુ ભરોસો, નિરાશાના પહાડ અને ખાડાઓ છે. તેણે ક્યારેય આ ખાડાઓ ભરવાનું વિચાર્યું ન હતું. અમે તે ખાડાઓ ભરી દીધા છે અને હવે મજબુત રીતે નવી ઈમારતો બનાવી રહ્યા છીએ.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું હતું કે હિમાચલમાં અગાઉની સરકારો અને દિલ્હીમાં બેઠેલી સરકારો પણ તમારા લોકોની જરૂરિયાતો પૂરી કરવામાં ઉદાસીન રહી હતી. તે તમારી આશાઓ અને આકાંક્ષાઓને ક્યારેય સમજી શકી નહીં. મને યાદ છે કે હિમાચલની સ્થિતિ શું હતી. આજે, હિમાચલમાં ડ્રોન દ્વારા દુર્ગમ વિસ્તારોમાં આવશ્યક ચીજવસ્તુઓ પહોંચાડવાનું કામ કરવામાં આવી રહ્યું છે, તો બીજી તરફ વંદે ભારત જેવી ટ્રેનોને તેજ ગતિએ દિલ્હી સુધી પહોંચાડવામાં આવી રહી છે. આજે જ્યારે હિમાચલમાં ગ્રામીણ રસ્તાઓ બમણી ઝડપે બનાવવામાં આવી રહ્યા છે, ત્યારે ગ્રામ પંચાયતોને પણ ઝડપી દરે કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવી રહી છે. એક તરફ જ્યાં હિમાચલમાં હજારો શૌચાલય બનાવવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ દરેક ગામમાં વીજળીની વ્યવસ્થામાં સુધારો કરવામાં આવી રહ્યો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજનું નવું ભારત તમામ જૂના પડકારો પર ઝડપથી કામ કરી રહ્યું છે. છેલ્લી સદીમાં જે સુવિધાઓ લોકો સુધી પહોંચવી જોઈતી હતી તે હવે લોકો સુધી પહોંચી રહી છે.પીએમ મોદીએ ચંબામાં વિશાળ જાહેર રેલીને સંબોધી હતી. પીએમે કહ્યું, પહેલા ફાઈલો અહીથી ત્યાં ભટકતી હતી, અટવાઈ જતી હતી, તેથી જ ચંબા વિકાસમાં પાછળ રહી ગયું, આજે હિમાચલ પાસે ડબલ એન્જિનની સરકાર છે. દેશે આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે. આજનો તબક્કો વિકાસની દૃષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ છે. દેશની આઝાદીના અમૃતકાળમાં મોટી છલાંગ લગાવવી પડશે. ડબલ એન્જિનની સરકારની કાર્યશૈલી અલગ છે. લોકોના જીવનને કેવી રીતે સરળ બનાવવું તે અમારી પ્રાથમિકતા છે. એટલા માટે અમે આદિવાસી વિસ્તારો, પર્વતીય વિસ્તારો પર મહત્તમ ભાર આપી રહ્યા છીએ.

પીએમે કહ્યું, ચંબાએ મને ખૂબ જ સ્નેહ આપ્યો, મને ખૂબ આશીર્વાદ આપ્યા, તેથી જ થોડા મહિનાઓ પહેલા મિંજરના મેળા દરમિયાન એક શિક્ષક મિત્રે એક પત્ર લખ્યો અને ઘણી વાતો શેર કરી, જે મેં દેશ અને દુનિયા સાથે મન કી બાત દ્વારા શેર કરી. આજે અહીંથી ચંબા સહિત હિમાચલ પ્રદેશના દુર્ગમ ગામડાઓને સડકો અને રોજગાર પ્રદાન કરવા માટે વીજળી પ્રોજેક્ટની ભેટ આપવાનો મારા માટે ખૂબ જ ખુશીનો પ્રસંગ છે.

જ્યારે હું તમારી વચ્ચે રહેતો હતો ત્યારે કહેતો હતો કે અમારે એ વાત અમુક સમયે ભૂંસી નાખવી પડશે, જે કહેવાતુ હતું કે પહાડનું પાણી અને પહાડની યુવાની પર્વતને ઉપયોગી નથી થતી, આજે આપણે એ લોકવાયકા બદલી નાખી છે. હવે અહીંનું પાણી પણ તમને ઉપયોગી થશે અને અહીંના યુવાનો પણ વિકાસની યાત્રાને આગળ વધારશે. આજે જ્યારે આપણે પાછલા દાયકાઓ તરફ નજર કરીએ તો આપણો અનુભવ આપણને શું કહે છે, આપણે અહીં શાંતા જી, ધૂમલ જીને જીવન વિતાવતા જોયા છે. જ્યારે ભાજપના નેતાઓને દિલ્હી જઈને હિમાચલના અધિકારો માટે આજીજી કરવી પડતી હતી. આંદોલન કરવા પડતા હતા. , પરંતુ દિલ્હીમાં તેમનું કોઈ સાંભળવામાં આવતુ નહી. પીએમ મોદીએ દેશની ચોથી વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી દેશની આ ચોથી વંદે ભારત ટ્રેન છે. આ પ્રસંગે સીએમ જયરામ ઠાકુર, રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય મંત્રી અને હમીરપુરના સાંસદ અનુરાગ ઠાકુર પણ હાજર હતા. ઉના રેલવે સ્ટેશનથી ટ્રેન દિલ્હી જવા રવાના થઈ હતી.

આપની આજ.....

મેષ : આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરપૂર રહેશે. કોઈની સાથેની વાદ-વિવાદ અથવા દલીલમાં તમે જીતી શકો છો. ધંધાના સંબંધમાં તમારે કોઈની સલાહ લેવાની જરૂર પડી શકે છે.

વૃષભ : આજનો દિવસ સામાન્ય કરતા સારો રહેશે. ધનલાભની ઘણી તકો આવશે, પરંતુ આજે તમારું મન બીજે ભટકશે. મનમાં ચાલી રહેલી ઉથલપાથલને કારણે કાર્યસ્થળ પર નાણાં સંબંધિત બાબતોની અવગણના કરવામાં આવશે.

મિથુન : આજે તમારા પર ઘણી બધી જવાબદારીઓ નિભાવવાનો દિવસ છે. ઘરના બધા જૂના અટકેલા કામોને પૂર્ણ કરવાની તક મળશે. દિવસના બીજા ભાગમાં પ્રેમી સાથે ફરવા માટે એક યોજના બનાવી શકાય છે.

કર્ક : કાર્યક્ષેત્રમાં ચોરી અથવા અન્ય કોઈ કારણસર નુકસાન થઈ શકે છે. પૈસાને લઈને બપોરે પરેશાની થઈ શકે છે. ક્યાંકથી મળેલી રકમમાં વિક્ષેપ હોવાને કારણે આગળના કામ પર અસર થઈ શકે છે.

સિંહ : આજનો દિવસ તમને ખૂબ વ્યસ્ત રાખશે. દિવસના પહેલા ભાગમાં કેટલાક તાત્કાલિક ફોન કોલ્સ અને ઈમેઈલ્સનો જવાબ આપવો જરૂરી રહેશે. કોઈપણ સર્જનાત્મક કાર્યમાં તમારી રુચિ પણ વધશે.

કન્યા : આજનો દિવસ ઉદાસ રહેશે. સ્વાસ્થ્યમાં આજે શારીરિક અને માનસિક નબળાઈ રહેશે. આજે સારો વ્યવહાર કરજો નહીં તો સંબંધો બગડી શકે છે. જે પાછા જોડવા મુશ્કેલ બનશે. મિત્રો અથવા સંબંધીને થોડા ઉધાર આપી શકાય છે.

તુલા : આજે તમે ભૂતકાળમાં થયેલી ભૂલોથી શીખી શકશો. સખત મહેનત કર્યા પછી પણ તમને ઈચ્છિત સફળતા નહીં મળે, પરંતુ નિરાશ થશો નહીં, સાંજથી જ પરિસ્થિતિ તમારા પક્ષમાં આવવા લાગશે.

વૃશ્ચિક : આજે અનિયંત્રિત ખોરાકના કારણે દિવસની શરૂઆતમાં તમારું સ્વાસ્થ્ય થોડું નરમ રહે છે. પેટમાં સમસ્યા પહોંચતા થાકને લીધે કોઈપણ કાર્ય માટે પૂરો ઉત્સાહ રહેશે નહીં.

ધન : આજે સવારથી કોઈપણ નવા કાર્યક્રમ સંદર્ભે ઉત્સાહ મળશે. કોઈપણ પ્રેમ સંબંધને લઈને તમે ખૂબ ઉત્સાહિત થશો. ઓફિ

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

દાહોદ જિલાના ફતેપુરા તાલુકામાં ખુલ્લે આમ ચાલતો અખાદ્ય (રસકટ) ગોળનો કાળો કારોબાર

દાહોદ,

ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી ફક્ત કાગળ પર જ ચાલતી હોય તેમ ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં જાણે કે કાયદાનો કોઈ પણ પ્રકારનો ડર ન હોય તેમ ખુલ્લે આમ અખાદ્ય (રસકટ) ગોળ જે દારૂ બનાવમાં ઉપયોગમાં લેવાતો હોય છે. જેનું ખુલ્લે આમ તંત્રની રહેમ નજર હેઠળ ચાલતો કાળો કારોબાર.

ફતેપુરા તાલુકાના સુખસર સહીત આજુબાજુના ગામોના લોકો વેપાર માટે ધંધા માટે સુખસર પંથકમાં આવતા હોય છે. ત્યારે લેભાગુ વેપારીઓ ખાદ્ય ચીજ વસ્તુઓમાં પણ બ્રાન્ડેડ કંપનીના નામે નકલ કરતા અચકાતા નથી. ફતેપુરા તાલુકો આદિવાસી બહુમૂલ્ય ધરાવતો તાલુકો હોવાથી અહીં વસવાટ કરતા આદિવાસી અને ભોળી પ્રજાને લૂંટવામાં વેપારીઓ કોઈ પણ પ્રકારની કસર છોડતાં નથી. ત્યારે ફતેપુરા ના સુખસર પંથકમાં ખુલ્લે આમ ધમધોકાર ચાલતો અખાદ્ય (રસકટ) ગોળનો કાળો કારોબાર છતાં પણ તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની એક્સન લેતું નથી. ત્યારે તંત્ર પર પણ અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

ફતેપુરા તાલુકા દારૂ બનાવનાર આ ગોળની ખરીદી કરવામાં રોજેરોજ હાજરો કિલો અખાદ્ય (રસકટ) ગોળનું વેચાણ થતું હોય છે. જેને લઈ લાખો રૂપિયાનું બિનકાયદેસરના વેપારમાં ટર્નઓવર થતું હોય છે. તંત્રની નજર સમક્ષ આ કાળો કારોબાર ચાલતો હોવાનું તાલુકાના રહેવાસીઓનું માનવું છે. ત્યારે આ કાળો કારોબાર કરનાર સામે ક્યારે કાર્યવાહી કરવામાં આવશે, તે તો સમય જ બતાવશે. તંત્ર દ્વારા પ્રોહીબીશન ઝુંબેશના ભાગરૂપે અવરનવાર નાટકો કરવામાં આવતા હોય છે અને જેમાં પણ પાછળ થી ફક્ત તોડ જ કાઢવામાં આવતો હોવાની ચર્ચાઓ થઈ રહી છે. જેના લીધે આવા કાળા કરોબારને વધુ વેગ મળતો હોય છે અને આવા કાળા કારોબાર ચલાવનારાઓમાં નવો જોશ આવે છે અને તેઓને પ્રોત્સાહન મળે છે અને હકીકતમાં જોવા જઈએ તો દારૂ બંધીના બહાને બુટલેગરોને વધુ ખંખેરવામાં આવતા હોય છે. કારણ કે, તેઓ તંત્ર માટે કમાઉ દીકરા સમાન છે. જેથી ખુદ તંત્રને દારૂ ના અડ્ડા બંધ કરાવવામાં રસ નથી. જો તંત્ર સાચા અર્થમાં દારૂ બંધ કરાવવા માંગતી હોય તો તેની જડ સમાન ખુલ્લે આમ વેંચતા અખાદ્ય ગોળને બંધ કેમ નથી કરાવતી ? તે પણ એક મોટામાં મોટો સવાલ છે. ખરેખર જોવા જઈએ તો અખાદ્ય ગોળ આરોગ્ય માટે જોખમ રૂપ છે. ત્યારે અખાદ્ય ગોળ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તો દારૂબંધીનું આપમેળે અમલ થાય તેમ છે. ત્યારે જિલ્લા પોલીસ વાડ આ પ્રત્યે ધ્યાન દોરી ઘટતું કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

દાહોદ જીલ્લામાં ત્રણ અલગ અલગ સ્થળેથી બે લાખ ઉપરાંતનો વિદેશી દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં પોલીસે ત્રણ જુદી જુદી જગ્યાએ પ્રોહી પાડી કુલ રૂ. ૨,૦,૨,૩૨૭ના પ્રોહી જથ્થા સાથે બે મોટરસાઈકલો તેમજ ત્રણ ઈસમો નાસી જવામાં સફળ રહ્યાંનું જ્યારે ચાર મહિલાઓની પોલીસે અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

પ્રોહીનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના પાંચીયાસાળ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૨મી ઓક્ટોમ્બરના રોજ સાગટાળા પોલીસને મળેલ બાતમીના આધારે પાંચીયાસાળ ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરી રહી હતી. તે સમયે બાતમીમાં દર્શાવેલ બે મોટર સાઈકલો ત્યાંથી પસાર થતાં પોલીસને દુરથી જોઈ બંન્ને મોટરસાઈકલો પર સવાર કલસિંગભાઈ ગોહાયભાઈ કનેશ તથા તેની સાથેના બીજા બે ઈસમો સ્થળ પર બંન્ને મોટરસાઈકલો મુકી નાસી ગયાં હતાં. પોલીસે બંન્ને મોટરસાઈકલોને કબજે લઈ તેની ઉપરથી કંતાનના થેલમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૮૨૮ કિંમત રૂ. ૧,૩૩,૭૪૦ના પ્રોહી જથ્થા સાથે ઉપરોક્ત ફરાર ત્રણેય ઈસમો વિરૂધ્ધ સાગટાળા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ લીમખેડા તાલુકાના દાંતીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૨મી ઓક્ટોમ્બરના રોજ મધુબેન મેસુલભાઈ ડામોર (રહે. મોટીખરજ, ડામોર ફળિયુ, તા.જિ.દાહોદ) અને આશાબેન રાહુલભાઈ રામચંદભાઈ ડામોર (રહે. દેવધા, નિશાળ ફળિયું, તા.ગરબાડા, જિ.દાહોદ) બંન્ને મહિલાઓ દાંતીયા ગામે પોતાની સાથે થેલાઓમાં વિદેશી દારૂ લઈ ઉભી હતી. તે સમયે ત્યાંથી પસાર થતી લીમખેડા પોલીસને શંકા જતાં પોલીસે ઉપરોક્ત બંન્ને મહિલાઓ પાસે જઈ તેઓના થેલાઓની તલાસી લેતાં પોલીસે થેલાઓમાંથી વિદેશી દારૂની બોટલો નંગ. ૨૮૮ કિંમત રૂ. ૩૦,૮૧૬ના પ્રોહી જથ્થા સાથે ઉપરોક્ત બંન્ને મહિલાઓની અટકાયત કરી લીમખેડા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો ત્રીજો બનાવ લીમખેડા નગરના શાસ્ત્રી ચોક ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગત તા. ૧૨મી ઓક્ટોમ્બરના રોજ શાસ્ત્રી ચોક ખાતે કલાબેન આકાશભાઈ ડામોર (રહે. દેવધા, નિશાળ ફળિયું, તા.ગરબાડા, જિ.દાહોદ) અને શીબેન મનાભાઈ ડામોર (રહે. દેવધા, નિશાળ ફળિયુ, તા.ગરબાડા, જિ.દાહોદ) નાઓ પોતાની સાથે થેલાઓમાં વિદેશી દારૂનો જથ્થો લઈ ઉભા હતાં તે સમયે ત્યાંથી પસાર થતી પોલીસને શંકા જતાં ઉપરોક્ત બંન્ને મહિલાઓ પાસે જઈ તેઓની પાસેના થેલાઓની તલાસી લેતાં પોલીસે તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ. ૩૫૩ કિંમત રૂ. ૩૭,૭૭૧ના પ્રોહી જથ્થા સાથે ઉપરોક્ત બંન્ને મહિલાઓની અટકાયત કરી લીમખેડા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝાલોદ નગરમાં દારૂની હેરાફેરી કરનાર પર પોલીસની તેજ નજર : તહેવારોને અનુલક્ષીને પોલીસ સતર્ક

ઝાલોદ,

ઝાલોદ નગરમાં હાલ પોલીસ એક્શન મોડમાં જોવાઈ રહેલ છે. છેલ્લા ૧૦ દિવસમાં સરહદ વિસ્તારમાં બાતમીના આધારે ત્રીજી વખત દારૂની હેરાફેરી કરતા ગુનેગારોને મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે. ઝાલોદ નગરના પી.એસ.આઈ માળીને મળતી બાતમી મુજબ સિલ્વર કલરની મારૂતિ સુઝુકી કંપનીની ઝેન એસ્ટીનો ફોર વ્હીલર ગાડી GJ-06-DQ-9788 નંબરની ગાડીમાં ભારતીય

તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

બનાવટનો ઈંગ્લીશ દારૂ ભરી રાજસ્થાનના ડુંગરા તરફથી ઠુંઠી કંકાસીયા ચેક પોસ્ટ પર થઈ લીમડી જતી હતી. ત્યારે ઠુંઠી કંકાસીયા ચેક પોસ્ટ પર ગાડી રોકી ચેક કરતા ગાડીની અંદર શીટ નીચે તેમજ ડેસ્કની અંદરના ચોર ભાગમાંથી દારૂનો જથ્થા સાથે એક આરોપી અક્ષયભાઈ છત્રસિંહ બારિયાની ધરપકડ કરવામાં આવી હતી. ગાડી માંથી ૪૦,૩૭૦/-રૂપીયાનો ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂ અને ૨,૦૦,૦૦૦/- રૂપીયાની ગાડી થઈ ટોટલ ૨,૪૦,૩૭૦/- રૂપિયાનો મુદ્દામાલ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ છે. આમ, હાલ પોલીસ તંત્ર દારૂની હેરાફેરી કરનાર પર નજર રાખી રહી છે અને ગુનાહિત પ્રવૃત્તિ કરનાર પર કડક રીતે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

દાહોદ જીલ્લાના ત્રણ જુદી જુદી જગ્યાએથી સગીરાઓનું લગ્નની લાલચે અપહરણ થયાની ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં ત્રણ જુદી જુદી જગ્યાએથી ત્રણ સગીરાઓને લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવાના ઈરાદે ચુવકો દ્વારા અપહરણ કરી લઈ નાસી જતાં જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાંવવા પામી છે. સગીરાના અપહરણનો પ્રથમ બનાવ દાહોદ શહેરમાં બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૨મી ઓક્ટોમ્બરના રોજ દાહોદ શહેરના ગૌશાળા પાસે ભીલવાડા ખાતે રહેતો રોહિતભાઈ ગીરીશભાઈ મોહનીયાએ દાહોદ શહેરમાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાની માતા દ્વારા દાહોદ એ. ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સગીરાના અપહરણનો બીજો બનાવ ધાનપુર તાલુકાના લીમડી મેંદરી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૩મી ઓક્ટોમ્બરના રોજ ધાનપુર તાલુકાના ક્જેટા ગામે ધીરજપુરા ફળિયામાં રહેતો રાકેશભાઈ ભારતભાઈ બામણીયાએ ધાનપુર તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સગીરાના અપહરણનો ત્રીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ભુતપગલા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૧ સપ્ટેમ્બરના રોજ દેવગઢ બારીઆ તાલુકાના ડભવા ગામે રહેતો પ્રકાશભાઈ રચજીભાઈ બારીઆએ દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાની માતા દ્વારા સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદના ગૌરક્ષા દળ દ્વારા ખંગેલા ગામના ખેતરમાંથી અજગર રેસ્ક્યુ કરાયો

દાહોદ,

દાહોદના ગૌરક્ષક દળ દ્વારા ૪.૩૦ ફિટ લાંબો કોબ્રા સાપ અને ૭ ફિટ લાંબો મહાકાય અજગર રેસ્ક્યુ કરી ફોરેસ્ટ વિભાગને સોંપી દેવામાં આવ્યો હતો. આજરોજ ગૌરક્ષક ટીમના સદસ્ય તુષારભાઈને દાહોદના ખંગેલા ગામેથી ટેલિફોનિક જાણકારી મળી કે જેમાં જણાવ્યું કે, ખંગેલા ગામના ખેતરમાં અજગર જોવા મળ્યો છે. જેની જાણકારી મળતા જ ગૌરક્ષક ટીમના સદસ્ય તુષારભાઈને જાણ થતા જ તુષારભાઈ સહિત તેમની ટીમ ખંગેલા ગામે પહોંચી ગઈ હતી અને ખાવાની શોધમાં જંગલ વિસ્તારથી ખેડા વિસ્તારમાં આવી ગયેલ ૭ ફૂટ લાંબો અને ૮ કીલો વજન ધરાવતા અજગરને સહી સલામત રિસ્ક્યુ કરી ફોરેસ્ટ વિભાગને સોંપી દેવામાં આવ્યો હતો.

એક્સેલન્સ ઈન
હાયર એજ્યુકેશન પ્રોગ્રામ

વધારાની માળખાકીય સુવિધાઓનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ (₹૫૫ .૩૮ કરોડ)

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM) મણિનગર ખાતે
સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ડ્રોન ટેકનોલોજીનો પ્રારંભ (₹ ૪ કરોડ)

૫૦૦થી વધારે સરકારી અને અનુદાનિત કૉલેજો ખાતે NAMO WiFi સુવિધા વધારવાની જાહેરાત

કાયદા અને પર્યાવરણ સાથે કાર્યરત સ્ટાર્ટ-અપનું અભિવાદન

SSIP 2.0 અંતર્ગત યુનિવર્સિટી/હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ ખાતે વધારાની ₹ ૪.૫ કરોડની ફાળવણી

:: મુખ્ય અતિથિ ::
શ્રી જગદીપ ધનખડ
માન. ઉપરાષ્ટ્રપતિ, ભારત

:: અતિથિ વિશેષ ::
આચાર્ય દેવવ્રત
માન. રાજ્યપાલ, ગુજરાત

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માન. મુખ્યમંત્રી, ગુજરાત

:: વિશેષ ઉપસ્થિતિ ::
શ્રી જીતુભાઈ વાઘાણી
મંત્રી, શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી

ડૉ. કુબેરભાઈ ડીંડોર
રાજ્યકક્ષાના મંત્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો

તા.૧૪ ઓક્ટોબર-૨૦૨૨, સમયઃ બપોરે ૨.૦૦ વાગે
સ્થળઃ ઓડિટોરિયમ, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, કોબા, ગાંધીનગર

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.47

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

દિલ્હી-મુંબઈ રેલ્વે લાઈન પર

ચાંપાનેર લોટના વચ્ચે પાટો તુટેલ હાલતમાં જોઈ મેમુ ટ્રેન રોકી દેવાતા મોટી દુર્ઘટના ટળી

- રેલ પાટો તુટેલ હોવાની નજર પડતા કર્મચારીને મેમુ ટ્રેન રોકાવી દેતાં હોનારત ટળી.
- દિલ્હી-મુંબઈ લાઈનનો રેલ વ્યવહાર ખોરવાયો.

ગોધરા, દિલ્હી-મુંબઈ રેલ માર્ગ ઉપર ચાંપાનેર અને લોટના વચ્ચે રેલ્વે લાઈન પાટો તુટયો હોવાની ફરજ પરના કર્મચારીની નજર પડતા તાત્કાલીક દોડીને ત્યાંથી પસાર થઈ રહેલ મેમુ ટ્રેનને લાલઝંડી બતાવી રોકી દેતાં મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાની જાણ થતાં રેલ્વેના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

દિલ્હી-મુંબઈને જોડતા રેલ માર્ગ ઉપર ગોધરા-ચાંપાનેર-લોટના વચ્ચે રેલ લાઈન ઉપર પાટો તુટેલ હાલતમાં હોવાની નજર ફરજ પરના રેલ્વે કર્મચારીની પડી હતી. કર્મચારીએ સમય સુચકતા વાપરીને આ રેલ્વે લાઈન ઉપર થી પસાર થનાર મેમુ ટ્રેનને રોકવા માટે લાલ ઝંડી બતાવીને રોકી દેવામાં આવતાં મોટી હોનારત થતાં બચી જવા પામી છે. ચાંપાનેર-લોટના વચ્ચેના રેલ્વે માર્ગ ઉપર પાટો તુટવાની ઘટનાને લઈ રેલ્વે કર્મચારીની સમય સુચકતાને લઈ મેમુ ટ્રેન દોડી દેવાતા દુર્ઘટના ટળી હોવાની ઘટનાની જાણ થતાં રેલ્વે વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ચાંપાનેર-લોટના રેલ્વે લાઈન ઉપર પાટો તુટવાની ઘટનાને લઈ દિલ્હી-મુંબઈ વચ્ચેનો ટ્રેન વ્યવહાર ખોરવાયો હતો. રેલ્વે વિભાગ દ્વારા તુટેલ રેલ્વે પાટાને બદલવાની કામગીરી હાથ ધરાઈ હતી.

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજયકક્ષાના ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ પંચમહાલ જિલ્લાના ગોધરાથી કરવામાં આવશે

ગોધરા, આજે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે વર્ષ ૨૦૨૨ દરમિયાન યોજાનાર ગરીબ કલ્યાણ મેળાનો રાજયવ્યાપી પ્રારંભ પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત એસ.આર.પી. ગ્રાઉન્ડ ખાતેથી કરવામા આવશે. આ પ્રસંગે જિલ્લાના કુલ ૫૯૧૦ લાભાર્થીઓને રૂપિયા ૧૩૦.૩૪ કરોડના વિવિધ વિભાગોની યોજનાકીય સહાયના લાભો મુખ્યમંત્રીના હસ્તે અર્પણ કરાશે. પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૩થી લઈને અત્યારસુધી (૨૦૨૧/૨૨) સુધી કુલ ૦૭ ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત કુલ રૂપિયા ૫૦૯.૩૧ કરોડની સહાય ચુકવવામાં આવી છે. આ અંતર્ગત અત્યાર સુધી જિલ્લાના ૨ લાખ ૪૦ હજાર ૬૬૬ લાભાર્થીઓને લાભ મળ્યો છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અંત્યોદય-છેવાડાના માનવીના સર્વાંગી ઉત્થાન અને ગ્રામ સ્વરાજના ઉદ્દેશોને પાર પાડવા ૨૦૦૯થી ગરીબોના સશકિતકરણ માટેનો આ સેવા યજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારની વિવિધ વ્યકિતલક્ષી સહાયના લાભાર્થીઓને ગરીબ કલ્યાણ મેળા દ્વારા એક જ છત્ર નીચે બધા જ લાભ કોઈપણ જાતના વચેટિયા વગર સીધા પારદર્શી રીતે મળી રહે તે હેતુસર વર્તમાન વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ આ ગરીબ કલ્યાણ મેળાનો નવતર અભિગમ વિકસાવેલો છે. જેનો લાભ ગુજરાતની જનતાને મળ્યો છે.

રાજયવ્યાપી ગરીબ કલ્યાણ મેળાઓના ૧૧ તબક્કામાં ૧,૫૩૦ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ૧.૪૭ કરોડ દરિદ્ર નારાયણ જરૂરિયાતમંદોને રૂા.૨૬,૬૦૦ કરોડ ઉપરાંતની સહાય હાથો હાથ પહોંચાડવામાં આવી છે. ૧૨માં ત્રિદિવસીય રાજયવ્યાપી ગરીબ કલ્યાણ મેળાઓમાં ૫૭,૨૩૧ લાભાર્થીઓને રૂા.૧૫૪.૪૪ કરોડની સ્થળ ઉપર સહાય તેમજ ૧૭,૩૦,૬૫૩ લાભાર્થીઓને રૂા.૭,૬૧૦.૫૮ કરોડની કુલ સહાય ચૂકવવામાં આવી છે.

આ ગરીબ કલ્યાણ મેળામા રાજય આરોગ્યમંત્રી નિમિષાબેન સુથાર, વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ, અતિથી વિશેષપદે અને જિલ્લા પંચાયત પ્રમુખ, પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, છોટાઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવા, ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, હાલોલ ધારસભ્ય જયદ્રથસિંહ પરમાર અને કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણની પ્રેરક ઉપસ્થિતીમાં યોજાશે.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાના ગરીબ કલ્યાણ મેળાના સુચારૂ આયોજન અંગે જિલ્લાના સબંધીત અધીકારીગણો સાથે બેઠક યોજાઈ હતી.

પાવાગઢ યાત્રાધામ ખાતે નવરાત્રીના પર્વ દરમિયાન પરિવારથી વિખુટા પડેલ ૨૧૮ મીસીંગ બાળકો, મહિલાઓ અને વૃધ્ધોનું પરિવાર સાથે મિલન પોલીસે કરાયું

ગોધરા, પાવાગઢ ખાતે નવરાત્રીના પર્વએ શકિતપીઠ ખાતે લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુંઓ ઉમટી પડતા હોય ત્યારે પંચમહાલ જીલ્લા પોલીસ વિભાગ દ્વારા સર્વેલન્સ સ્કોડ ટુ મીસીંગ સ્કોડ અને સી ટીમની રચના કરવામાં આવી હતી. નવરાત્રીના દિવસો દરમિયાન ભારે ભીડને લઈ પરિવારથી વિખુટા પડી ગયેલ હોય તેવા ૨૧૮ જેટલા બાળકો, સ્ત્રીઓ તેમજ વૃધ્ધોનું પરિવાર સાથે મિલન કરાવી સરાહનિય કામગીરી કરેલ છે.

પંચમહાલના યાત્રાધામ પાવાગઢ શકિતપીઠ ખાતે નવરાત્રીના પર્વમાં દર્શનાર્થીઓનો ભારે ધસારો રહેતો હોય છે. ત્યારે માતાજીના દર્શને આવેલ પરિવારોની સંખ્યા લાખોમાં હોય છે. તેમાં પણ ડુંગર અને જંગલ વિસ્તારમાં મોબાઈલ નેટવર્ક ચાલતું ન હોય ત્યારે માતાજીના દર્શને આવેલ શ્રધ્ધાળુઓની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને જીલ્લા પોલીસ દ્વારા મીસીંગ સ્કોડ, સર્વેલન્સ સ્કોડ તથા સી ટીમની રચના કરવામાં આવી હતી અને પોલીસની ટીમો પાવાગઢ બસ સ્ટેશન, માંચી ત્રણ રસ્તા, માંચી તંબુ તથા દુધીયા રીપોઈન્ટ તેમજ મંદિર પરિસર ખાતે મીસીંગ સેલ કાર્યરત કરવામાં આવેલ હતી. નવરાત્રી દરમિયાન પાવાગઢ દર્શન માટે આવેલ પરિવારોના સભ્યો છુટા પડી જવાના કિસ્સાઓમાં પોલીસની ટીમો દ્વારા વિખુટા પડેલ હોય તેવા બાળકો, મહિલાઓ તેમજ વૃધ્ધોને પરિવાર સાથે મિલન કરવાની કામગીરી કરી હતી. નવરાત્રીના દિવસો દરમિયાન ૮૪ બાળકો , ૧૩૨ વૃધ્ધો તેમજ મહિલાઓ પરિવાર થી વિખુટા પડી ગયેલ હોય તેવા બાળકો, વૃધ્ધો અને મહિલાઓના પરિવાર સાથે પોલીસની ટીમોએ મિલન કરાવીને સરાહનિય કામગીરી કરી છે.

ગોધરા કનેલા મુવાડી જૈન દેરાસર પાછળ જાહેરમાં જુગાર રમતા પાંચ જુગારીયાને LCB પોલીસે ઝડપ્યા

ગોધરા, ગોધરા જૈન દેરાસર મંદિર પાછળ કનેલાવ મુવાડી ગામે જાહેર જગ્યાએ જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી પાંચ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા જૈન દેરાસર કનેલાવ મુવાડી ગામે કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન નંદરાજ ઉર્ફે ધમો મકવાણા, સાગર રાજેશભાઈ પરમાર, સુભાષ સુરેશભાઈ પણદા, હિમાંશુ સતિષભાઈ રાણા, નરેશ શ્યામભાઈ ચૌધરીને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલ ઈસમો પાસેથી ૨૪,૪૦૦/-રૂપીયા રોકડા દાવ ઉપર મુકેલ ૭,૦૩૦/-રૂપીયા મળી ૩૧,૪૩૦/-રૂપીયાના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ઝાલોદ નગર પાલિકાને દિવાળી પહેલા કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર દ્વારા નવું ફાયર ફાઈટર આપવામાં આવ્યું

તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ, ઝાલોદ નગર પાલિકાને કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારની સહાયતા થી જી.એસ.ડી.એમ.ઓ ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેંટ ઓથોરીટી દ્વારા ઝાલોદ નગર પાલિકાને સોપવામાં આવ્યું હતું. જેથી ઝાલોદ ચીફ ઓફિસર દ્વારા શુભ મુહૂર્ત જોઈ ફાયર ફાઈટરનું મુહૂર્ત કરાવવામાં આવ્યું હતું. હરેશભાઈ ડીંડોર દ્વારા ફાયર ફાઈટરનું મુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાલિકા ચીફ ઓફિસર, ઝાલોદ ભાજપ શહેર પ્રમુખ તેમજ નગરપાલિકાના કાઉન્સિલરો તેમજ સ્ટાફની વચ્ચે તેનું મુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેથી ઝાલોદ નગરની સુવિધામાં વધારો થયો હતો.

ગોધરા રેલ્વે RPF પોલીસે ચોરીના ગુન્હાના આરોપીને પકડવા જતાં પોલીસ સાથે ઝપાઝપી કરી નાશી છુટવામાં સફળ

ગોધરા, ગોધરા રેલ્વે આર.પી.એફ. પોલીસે રેલ્વે સંપતિની ચોરીના ગુન્હાના આરોપી અંગે બાતમીના આધારે કોઠી ત્રણ રસ્તા, તૃપ્તી હોટલ ખાતે ટીમ બનાવીને આરોપીને પકડવાની વોચમાં હોય દરમિયાન આરોપી રેલ્વે પોલીસને દેખી ભાગવા જતાં પોલીસે પીછો કરેલ હોય ત્યારે અન્ય બે ઈસમોએ આર.પી.એફ. પોલીસ ઉપર પથ્થરો મારી ઈજાઓ કરતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા રેલ્વે પોલીસ મથકના ચોરીના ગુન્હાનો આરોપી સોહેલ મહેબુબ ઝીણા અંગે બાતમી મળી હતી કે લોડીંગ ટેમ્પી લઈને વડોદરા રોડ ઉપ રોજ જાય છે. તેવી બાતમીના આધારે રેલ્વે આર.પી.એફ. પોલીસે કોઠી ત્રણ રસ્તા અને તૃપ્તી હોટલ ખાતે બે ટીમ બનાવીને આરોપીને ઝડપી પાડવા વોચમાં હતા. દરમિયાન ટેમ્પી લઈને ભાગવા લાગ્યો હતો. ત્યારે પોલીસે કોન્સ્ટેબલ જગતસિંહ એ આરોપીને પકડવા પ્રયત્ન કરતાં ઝપાઝપી કરીને ડાંગરના ખેતરમાં ભાગ્યો હતો. પોલીસે પીછો કરી આરોપીને પકડવા જતાં તેની સાથેના અન્ય ઈસમે મોબાઈલ ફોન ઉપર જાણ કરી બોલાવેલ વ્યકિત સાથે ઈસમોએ પોલીસ ઉપર ઈંટો અને પથ્થર વડે હુમલો કરી આરોપીને ભગાડી જઈ તેમજ આર.પી.એફ. પોલીસને ઈજાઓ કરતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે સોહેબ મેહબુબ ઝીણા અને બે અન્ય ઈસમો સામે ફરિયાદ નોંધાવી.

દાહોદ-ઈન્દોર રેલ પરિયોજના અંતર્ગત ડીઝલ એન્જીન દોડાવી ટ્રાયલ કરાઈ

દાહોદ, દાહોદ-ઈન્દોર રેલ પરિયોજના અંતર્ગત દાહોદ કતવારા સેકશનની રેલ્વે તંત્ર દ્વારા ડીઝલ એન્જીન દોડાવી ટ્રાયલ કરવામાં આવ્યું. ત્યારે ત્રણ દાયકા બાદ આ પરિયોજનાનું એક સેકશન ચાલુ કતવારાની ઘડીઓ ગણાય રહી છે. ત્યારે રેલ્વે તંત્રની રેલ્વે સેફટી ટીમ દ્વારા તમામ ચકાસણી કરી લીલી ઝંડી આપ્યા બાદ દાહોદ કતવારા સેકશન ની વિધિવત રીતે પ્રારંભ કાંતવામાં આવશે એની સાથે સાથે દાહોદ રેલ્વે સ્ટેશન જંક્શનની ક્ષેણીમાં સ્થાન પ્રાપ્ત કરશે તેના પગલે દાહોદ રેલી સ્ટેશન પર ઘણી ખરી સમસ્યાઓનો અંત પણ આવી જશે.

ત્રણ દાયકા પૂર્વ જાહેર કરાયેલી દાહોદ ઈન્દોર રેલ પરિયોજના દાહોદ વાસીઓમાં એક વિષ્પણ સાબીત બનીને રહી ગઈ હતી, પરંતુ તત્કાલીન લોકસભાના સ્પીકર સુમિત્રા મહાજન ઈન્દોરના સાંસદ શંકર લાલવાની મધ્યપ્રદેશ ખાતે કાર્યરત રેલ લાવો સમિતિ દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર તેમજ રતલામ, ઝાબુઆ, અલીરાજપુરના સાંસદ ગુમાનસિંગ ડામોરના સનિષ્ટ પ્રયાસો તેમજ રજૂઆતો બાદ રેલ્વે તંત્રએ આ પરિયોજનાને ચાર સેકશનમાં વેચી ઝડપથી પૂર્ણ કરવાનો લક્ષ્ય નિર્ધારિત કર્યો હતો. તેમજ રેલ્વે દ્વારા બજેટમાં મહત્તમ રકમ ફાળવતા દાહોદ તરફથી દાહોદ કતવારા સેકશનનું કામ યુદ્ધના ધોરણે ચાલુ કરવામાં આવ્યું હતું. તેમજ થોડાક સમય પૂર્વ રેલ્વે પ્રોડક્શન યુનિટના શીલાન્યાસ કાર્યક્રમમાં પધારેલા જનરલ મેનેજર તેમજ મંડળના ડીઆરએમ વિનીત ગુપ્તા દ્વારા પત્રકાર વાર્તામાં જણાવ્યું હતુંકે, દાહોદ-કતવારા સેકશન સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરી ચાલુ કરવાનાં દાવાઓ કરવામાં આવ્યા હતા. જે બાદ આ સેકશનનું કામ શરૂ કરી પૂર્ણ કરવા માટે યુદ્ધના ધોરણે જોતરાઈ ગયું હતું. જોકે, દાહોદવાસીઓને ત્રણ દાયકાની આતુરતાનો અંત આવ્યું હોય તેમ રેલ્વે તંત્ર દ્વારા ગઈ કાલે દાહોદ કતવારા સેકશનની વચ્ચે ડીઝલ એન્જીન દોડાવી ટ્રાયલ રણ કરવામાં આવ્યો હતો. રેલ્વે સેફટી ટીમ દ્વારા દાહોદ કતવારા સેકશનની તમામ સુરક્ષા તેમજ નિરીક્ષણ કર્યા બાદ આગામી એકાદ મહિનામાં દાહોદ-કતવારા વચ્ચે રેલ કનેક્ટિવિટી વિધિવત રીતે શરૂ થશે. જેના પગલે કતવારા ખાતે વાણિજ્ય અને વેપારમાં વધારો થશે, તેમાં કોઈ બે મત નથી. સાથે સાથે દાહોદ થી હવેથી જંક્શનનું બિરૂદ મેળવશે તે પણ એક વાસ્તવિકતા છે. ત્યારે દાહોદ-ઈન્દોર સુધીની આ રેલ પરિયોજના તંત્ર દ્વારા દાહોદ કતવારા સેકશનની તર્જ પર પૂર્ણ કરાઈ તેવી લાગણી અને માંગણી દાહોદ જિલ્લામાં જ નહી પરંતુ મધ્યપ્રદેશના ધાર, ઝાબુઆ, સરદાર નગર તેમજ ઈન્દોરની જનતાની લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

દાહોદના રેલ્વે કર્મચારી સંગઠન દ્વારા રેલ્વે કારખાના બહાર પડતર ૧૦ માંગણીઓને લઈને ભૂખ હડતાળ પર બેસી વિરોધ નોંધાવ્યો

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, ઓલ ઈન્ડિયા ઈલેવન ફેડરેશન ના આદેશ અનુસાર આજે દેશ ભરના રેલ્વે કર્મચારી સંગઠનો દ્વારા પડતર માંગણીઓને લઈને ભૂખ હડતાળ પર ઉતરી ધરણાં યોજી સરકાર સામે વિરોધ નોંધાવી માંગણીઓ સ્વીકારવા કેન્દ્ર સરકાર સામે માંગ કરાઈ હતી. જેમાં રેલ્વે કર્મચારીઓ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી માંગ કરાઈ છે પરંતુ સરકાર દ્વારા તેમની પડતર માંગો ના સ્વીકારતા આખરે રેલ્વે કર્મચારીઓ પણ સરકાર સામે આંદોલનના માર્ગે જોડાયા હતા અને કેન્દ્ર સરકાર સામે વિરોધ પ્રગટ કરાયો હતો. જેમાં કારખાનામાં કામ કરતા રેલ્વે કર્મચારી સંગઠનોની ૧૦ જેટલી માંગણીઓ છે. જેમાં મુખ્ય માંગ જૂની પેન્શન યોજના લાગુ કરવી, નવી પેન્શન યોજના બંધ કરવી, એડમિસ્ટ્રેશનમાં કર્મચારીઓને રેલ્વેમાં નોકરી આપવી, રેલ્વેનું ખાનગી કરન બંધ કરવું, સુપર વાઈઝર કેટેગરીમાં કર્મચારીઓના ગ્રેડ પે વધારવા જેવી વિવિધ ૧૦ પડતર માંગણીઓને લઈને દાહોદના રેલ્વે કર્મચારીઓ આજે સવારના ૮ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી ભૂખ હડતાળ પર બેસી ધરણાં યોજયા હતા. જેમાં દાહોદના ૩૭ રેલ્વે કર્મચારીઓએ કારખાનાના ગેટ બહાર ભૂખ હડતાળ પર બેસી ધરણાં યોજી કેન્દ્ર સરકાર સામે આક્રોશ વ્યક્ત કરાયો હતો અને જે બાદ કર્મચારીઓએ ગેટ મિટિંગ યોજી ચર્ચાઓ કરી હડતાળ સમેટી હતી.

ગુજરાતના ૩ શહેરોમાં CNG ઈલેક્ટ્રિક બસ સેવા શરૂ કરવામાં આવશે : રાજય સરકાર

ગાંધીનગર, ગુજરાતના ૩ શહેરોમાં સીએનજી-ઈલેક્ટ્રિક બસ સેવા શરૂ કરવાની ગુજરાત સરકારે જાહેરાત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના એક મહાનગર અને બે નગરોમાં જાહેર પરિવહન સુવિધા વધુ સુદ્રઢ કરવાના અભિગમથી મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સુવિધા અન્વયે કુલ ૧૨૧ કરોડ રૂપિયાની ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજકોટ મહાનગરપાલિકા સુરેન્દ્રનગર-દૂધરેજ અને ભૂજ નગરપાલિકાને બસ સેવા સંચાલન માટે કુલ રૂ. ૧૨૧ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગુજરાત સરકારે રાજકોટ મહાનગરપાલિકાને ૫૦ ઈલેક્ટ્રીક બસના કોન્ટ્રાક્ટ બેઝડ સંચાલન માટે ૧૦ વર્ષ માટે કુલ મળીને રૂ. ૯૧ કરોડ ૨૫ લાખ ફાળવવાની સૈદ્ધાંતિક અનૂમતિ આપી છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર-દૂધરેજ નગરપાલિકાને ૩૨ CNG સિટી બસના કોન્ટ્રાક્ટ બેઈઝ્ડ સંચાલન માટે ૭ વર્ષ માટે કુલ ૨૦ કરોડ ૪૪ લાખની રકમ અનુદાન પેટે ફાળવવા પણ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. એટલું જ નહિ, કચ્છની ભૂજ નગરપાલિકાને પણ ૨૨ સિટી બસ સેવાના સંચાલન માટે પાંચ વર્ષ માટે કુલ રૂ. ૯ કરોડ ૦૩ લાખ ૩૭ હજારના અનુદાનની ફાળવણી માટે શ્રી ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્યના ૮ મહાનગરો અને નગરપાલિકા વિસ્તારોમાં વધતી જતી વસ્તી અને વાહનોની સંખ્યાને કારણે ટ્રાફિક સમસ્યા, પાર્કિંગની સમસ્યા તેમજ દિન-પ્રતિદિન વાયુ પ્રદુષણ પણ વધતું જાય છે. રોડ અકસ્માતો અને અસલામત પરિવહનની પણ સમસ્યા વિકટ બની છે. રાજ્ય સરકારે આ બધી જ બાબતોના સુચારૂ નિવારણ રૂપે અને શહેરી જનસંખ્યાને સરળ, સલામત અને સસ્તી જાહેર પરિવહન સેવા સુવિધા પૂરી પાડવા મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સુવિધા રાજ્યમાં શરૂ કરી છે.

પાવાગઢ તળેટીના માંડવી ગામે પંચાયતની મંજુરી વગર ચાલતા બાંધકામને બંધ કરવા નોટિસ

હાલોલ, પાવાગઢની તળેટીમાં આવેલા માંડવી ગામના બે અલગ અલગ સર્વે નંબરોમાં જમીન માલિકો દ્વારા ગ્રામ પંચાયતની પરવાનગી વગર બાંધકામ શરૂ કરાતા પંચાયતે તાત્કાલિક બાંધકામ બંધ કરવા નોટિસ પાઠવી છે.

માંડવી ગ્રામ પંચાયતના સર્વે નં.૨ની હે.આરે.પ્રતિ૧.૨૮.૪૯ વાળી જમીનના માલિક પટેલ ભરતભાઈ જયભાઈએ તેઓની જમીનમાં ગ્રામ પંચાયતની પુર્વ મંજુરી વિના છેલ્લા ત્રણ માસથી બાંધકામ શરૂ કર્યુ છે. આ અંગે પંચાયતને જાણ થતાં શરતોનો ભંગ કરાતો હોઈ બાંધકામ તાત્કાલિક અસરથી બંધ કરવા અંગેની નોટિસ ગત તા.૨૬ના રોજ આપવામાં આવી હતી. તેમજ બાંધકામ બંધ કર્યાની જાણ પંચાયતને દિન-૩માં કરવાનો પણ નોટિસમાં ઉલ્લેખ કરાયો હતો. જયારે તેની બાજુમાં આવેલી સર્વે નં-૧, હે.આર.પ્રતિ પરેશકુમાર પટેલે પણ ગ્રામ પંચાયતની પુર્વ મંજુરી વિના છેલ્લા બે માસથી બાંધકામ શરૂ કર્યુ હોવાનુ જણાતા પંચાયત દ્વારા તેમને પણ ગત તા.૭ના રોજ બાંધકામ તાત્કાલિક અસરથી બંધ કરવા અને તેની જાણ ત્રણ દિવસમાં કરવા નોટિસ પાઠવી હતી. પંચાયત દ્વારા નોટિસ આપ્યાને આજે ૧૫ દિવસ જેટલો સમય વિતી ગયો હોવા છતાં જમીન માલિક દ્વારા બાંધકામ અંગે કોઈપણ પ્રકારનો ખુલાસો કરવામાં આવેલ નથી. તેથી તેઓને બીજી નોટીસ આપવામાં આવશે તેમ છતાં કોઈ પ્રત્યુત્તર નહિ મળે તો કાયદેસર પગલા ભરવામાં આવશે તેમ તલાટીએ જણાવ્યુ હતુ.

ગોધરા લીલેસરા રોડ તળાવ પાસે રહેતા પતિ-પત્ની વચ્ચે સામાન્ય બોલાચાલીમાં પતિ ક્યાંક ચાલ્યા જતાં બી ડીવીઝન મથકે ફરિયાદ

ગોધરા, ગોધરા શહેર લીલેસરા રોડ ખાતે રહેતા વ્યકિતને પત્ની સાથે સામાન્ય બાબતે બોલાચાલી થતાં ઘરેથી ક્યાંક ચાલ્યા જઈને ગુમ થયાની ફરિયાદ નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા શહેર લીલેસરા રોડ તળાવની પાળ પાસે રહેતા આરીફ અહેમદ હુસેન ટીલડીને તેમની પત્ની શમીના સાથે સામાન્ય બાબતે બોલાચાલી થતાં આરીફ અહેમદ ટીલડીને મનમાં લાગી આવતાં ઘરેથી કહ્યા વગર ક્યાંક ચાલ્યા જતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવા પામી છે.